સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ ઈન્ડિયા, કોર્પોરેશન બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા,બેંક ઓફ બરોડા, આઈ.ડી.બી. આઈ. બેંક, પંજાબ નેશનલ બેંક, કોટક મહેન્દ્રા બેંક, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, એકિસસ બેંક, એચ.ડી. એફ. સી. બેંકની ગાંધીનગરની શાખાને સાયબર ટ્રેઝરી અન્વયે ઈ-પેમેન્ટથી મળતી મોટર વાહન ટેક્ષની આવક તા.૧/૪/૨૦૧૪ થી સ્વીકારવાની મંજૂરી આપવા બાબત.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/ટી.આર./
તારીખ૩૧ -૩-૨૦૧૪

**પરિપત્ર નંબર : ૫ /૨૦૧૪** ૧૯૦૪-૧૯૨૩

બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૪/૩/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ એમ.વી.ડી. ૧૦૨૦૧૧-૨૩૬૧-ખ થી મળેલ મંજૂરી અન્વયે નીચે મુજબની જાહેર ક્ષેત્રની તથા ખાનગી ક્ષેત્રની અગિયાર(૧૧) બેંકોને સાયબર ટ્રેઝરી દ્વારા ઈ-પેમેન્ટથી મળતી મોટર વાહન ટેક્ષની આવકો સ્વીકારવાની મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ માત્ર ઈ-પેમેન્ટથી મોટર વાહન ટેક્ષની આવક સ્વીકારવા અંગેની બેંક શાખાનું નામ તેમજ તેને સંલગ્ન સાયબર તિજોરી કચેરીની વિગત નીચે મુજબ છે.

| અનું | બેંકનું નામ | સંલગ્ન બેંકની શાખાનું નામ | સંલગ્ન જિલ્લા તિજોરી કચેરીનું નામ |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | ગાંધીનગર મેઈન બ્રાન્ચ,સેકટર-૧૦બી ,ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૨ | બેંક ઓફ ઈન્ડિયા | પાટનગર યોજના ભવન પાસે, ઘ-૪, સેકટર-૧૬,ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૩ | કોર્પોરેશન બેંક | ઉધોગ ભવન બ્રાંચ, બ્લોક નં.-૧૬, બીજો માળ, સેકટર-૧૧,ગાંધીનગર, | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૪ | યુનિયન બેંક ઓફઈન્ડિયા | પ્લોટ નં.- ૩૧૪, શોપીગ સેન્ટર, ઘ-૫,સેકટર-૧૭, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૫ | બેંક ઓફ બરોડા | વિધાનસભા બ્રાંચ,ઘ-૪,ઉધોગ ભવન પાસે,ગાંધીનગર ૩૮૨૦૧૧ | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૬ | આઈ.ડી.બી. આઈ. બેંક | સુપર મોલ ,ઈન્ફોસીટી , ઘ-૦, સર્કલ પાસે, ગાંધીનગર ૩૮૨૦૦૯ | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૭ | પંજાબ નેશનલ બેંક | ઘ-4 ½ ,સેકટર-૧૬, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |

| | | | |
|---|---|---|---|
| ૮ | કોટક મહેન્દ્રાબેંક | પ્લોટ નં–૩૧૯, સેકટર–૧૬,'ઘ' રોડ, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૯ | આઈ.સી.આઈ.સી.આઈ .બેંક | પ્લોટ નં–૩૧૫, સેકટર–૧૬, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૧૦ | એકિસસ બેંક | પ્લોટ નં –૪૩૬,દૂધ સહકારી મંડળી સેકટર–૧૬, ગાંધીનગર, | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૧૧ | એચ.ડી.એફ.સી. બેંક | પ્લોટ નં –૪૪૮,સેકટર–૧૬, પ્રજ્ઞા પેટ્રોલ પંપ પછી, ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |

સરકારી કામકાજ સંભાળતી ઉકત બેંકોને તા.૧/૪/૨૦૧૪ થી મોટર વાહન ટેક્ષની આવકો સ્વીકારવા નીચે મુજબની શરતો પૂર્ણ કરવાની શરતે મંજુરી આપવામાં આવે છે.રાજય સરકારની નીતિ અન્વયે મોટર વાહન ટેક્ષની આવકો નિયત મર્યાદા કરતાં વધુ રકમો ઈ–પેમેન્ટ દ્વારા સ્વીકારવાની રહેતી હોઈ ઉકત બેંકો ની આ માટેની ઉપલબ્ધ વેબ સાઈટ ઉપર પ્રથમ ઈ–પેમેન્ટનું ઈન્ટરફેસ ઉભું કરી હિસાબ અને તિજોરી નિયામકની કચેરીના ઈડીપી સેલ અને ટીસીએસના સંપર્કમાં રહીને જરૂરી ટેસ્ટીગ કરવાનું રહેશે.

- ટેસ્ટીગ સફળતા પૂર્વક પૂર્ણ થયે તેની ખાત્રી તિજોરી અધિકારીશ્રી તથા કમિશ્નરશ્રી, વાહનવ્યવહાર કચેરીમાંથી કર્યા બાદ સાયબર ટ્રેઝરી દ્વારા નાણાં સ્વીકારવાની શરૂઆત કરવા અંગે નાણા વિભાગ,કમિશ્નરશ્રી, વાહનવ્યવહારની કચેરી ગાંધીનગર, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને તેની જાણ કરવાની રહેશે.
- ઈ–પેમેન્ટથી સ્વીકારેલ મોટર વાહન ટેક્ષની આવકોના તમામ ઈ–ચલન તેમજ ઈ–સ્ક્રોલ તથા ફીઝીકલ ફોર્મમાં ચલન તથા સ્ક્રોલ સાયબર ટ્રેઝરી તરીકે કામ કરતી જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને નિયમિત રીતે મોકલવાના રહેશે.
- ઈ–પેમેન્ટથી સ્વીકારાયેલ મોટર વાહન ટેક્ષની આવકો નિયત સમયમર્યાદામાં આર.બી.આઈ. માં સેટલમેન્ટ કરવાની રહેશે. અન્યથા પેનલ્ટી ચૂકવવાની રહેશે.
- ઉકત બેંકો દ્વારા વાહનવ્યવહાર કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર સાથે પરામર્શ કરી મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ અન્વયે યોગ્ય પેકેજ તૈયાર કરી જરૂરીયાત મુજબ વેપારીવાર, યુનિટવાર, વિભાગવાર, વર્તુળવાર વિગેરે પત્રકો તૈયાર કરીને સંબંધિત સક્ષમ અધિકારીઓને રોજેરોજ હાર્ડકોપી તથા સોફટવેરને અનુરૂપ સોફટ કોપી સહિત પૂરા પાડવાના રહેશે.
- ઉકત બેંકો દ્વારા સ્વીકારાયેલ રાજય સરકારશ્રીની મોટર વાહન ટેક્ષની આવક રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની વખતોવખતની ગાઈડ લાઈન / સુચના મુજબની સમયમર્યાદામાં આર.બી.આઈ.માં જમા કરાવવાની રહેશે. અન્યથા બેંકે નિયત કરાયેલ વ્યાજ / દંડકીય વ્યાજ ચૂકવવાનું રહેશે. (આરબીઆઈ તેમજ અત્રેના પરિપત્રની નકલ સામેલ છે).
- ઉકત બેંકો દ્વારા નિયત થયેલ સમયમર્યાદામાં તારીખવાર થયેલ વ્યવહારોનું માસિક પત્રક (DATE WISE MONTHLY STATEMENT) તિજોરી કચેરીએ સ્વીકારેલ દૈનિક સ્ક્રોલ / પાસબુક મુજબ જ તૈયાર થયેલ છે. તેની ખાત્રી કરીને તિજોરી કચેરી ગાંધીનગરને

મોકલી આપવાના રહેશે અને તિજોરી કચેરી ગાંધીનગરે બેંકે મોકલેલ માસિક પત્રકની તિજોરી કચેરીના રેકર્ડ સાથે કાળજી પૂર્વક ચકાસણી કરી બરાબર માલુમ પડે તો તેને અધિકૃત કરી, ઉકત બેંકોને પરત કરવાનું રહેશે. જે તે બેંકે આ રીતે અધિકૃત થયેલ પત્રક (VERIFIED DATE WISE MONTHLY STATEMENT-VDMS) લીડ બ્રાન્ચ મારફતે નિયત થયેલ સમય મર્યાદામાં અમદાવાદ ખાતેની રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પબ્લીક એકાઉન્ટસ ડીપાર્ટમેન્ટને મોકલી આપવાના રહેશે.

- ઈન્સ્ટ્રુમેન્ટ વ્યવહારો અંગે નિયત થયેલ કમિશનની રકમ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચુકવવાની રહેશે. આ અંગેના વ્યવહારો અંગે રાજય સરકારની કમિશનની ચૂકવણી અંગે કોઈ જવાબદારી રહેશે નહી.

- મોટર વાહન ટેક્ષની આવકો જમા કરાવવા માટે વેપારીઓ/ નાગરીક માટે જે તે બેંકમાં ખાતું ખોલાવવાનું ફરજીયાત નથી. તેઓ તેમની જૂની બેંકમાં ખાતુ ચાલુ રાખી શકશે.

- દરેક માસની પહેલી તારીખે આગળના માસ દરમ્યાન સ્વીકારાયેલ આવકની વિગતો દર્શાવતું આર.બી.ડી. સ્ટેટમેન્ટ એટલે કે Datewise Monthly Statement (DMS) જરૂરી સંમતિ માટે સંલગ્ન જિલ્લા તિજોરી કચેરીને મોકલવામાં આવે છે. તેવી જ રીતે તેની સાથોસાથ ઈ–પેમેન્ટથી સ્વીકારાયેલ આવકોનું DMS જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને મોકલવાનું રહેશે.

**<u>તિજોરી કક્ષાની કામગીરી :–</u>**

- તિજોરી અધિકારીઓએ સ્ટેટમેન્ટ ઓફ રીસીપ્ટ સાથે VDMS (VERIFIED DATE WISE MONTHLY STATEMENT ) નકલ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદને બે નકલમાં માસિક હિસાબ સાથે નિયત કરેલ સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે.

આથી જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરને ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા/ કરાવવા સૂચના આપવામાં આવે છે.

નિયામક

**<u>નકલ સવિનય રવાના:–</u>**

૧. સંયુકત સચિવશ્રી, (પેન્શન–તિજોરી) નાણાં વિભાગ, 'ઝ' શાખા, સચિવાલય, ગાંધીનગર – આપના તા. ૭/૨/૨૦૧૩ના પત્ર અન્વયે જાણ સારું.

૨. ડાયરેક્ટર, ઈન્સ્ટીટયુશનલ ફાયનાન્સ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. મેનેજર–પીએડી, રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ
૪. એકાઉન્ટન્ટ જનલરશ્રી (એ એન્ડ ઈ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ તરફ જાણ સારુ
૫. કમિશ્નરશ્રી, વાહનવ્યવહાર કચેરી.ડો. જીવરાજ મહેતા ભવન,બ્લોક નં–૬,બીજો માળ
૬. બ્રાંચ મેનેજરશ્રી,સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર મેઈન બ્રાન્ચ,સેકટર–૧૦બી, ગાંધીનગર
૭. બ્રાંચ મેનેજરશ્રી, બેંક ઓફ ઈન્ડિયા,પાટનગર યોજના ભવન પાસે, ઘ–૪, સેકટર–૧૬,ગાંધીનગર
૮. બ્રાંચ મેનેજરશ્રી, કોર્પોરેશન બેંક, ઉધોગ ભવન બ્રાંચ, બ્લોક નં.–૧૬, બીજો માળ, સેકટર–૧૧,ગાંધીનગર
૯. બ્રાંચ મેનેજરશ્રી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા,પ્લોટ નં.– ૩૧૪, શોપીગ સેન્ટર, ઘ–૫, સેકટર–૧૭, ગાંધીનગર – ૩૮૨૦૧૭
૧૦. બ્રાંચ મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા , વિધાનસભા બ્રાંચ,ઘ–૪,ઉધોગ ભવન પાસે,ગાંધીનગર ૩૮૨૦૧૧
૧૧. બ્રાંચ મેનેજરશ્રી, આઈ.ડી.બી. આઈ. બેંક, સુપર મોલ ,ઈન્ફોસીટી , ઘ–૦, સર્કલ પાસે, ગાંધીનગર ૩૮૨૦૦૯
૧૨. બ્રાંચ મેનેજરશ્રી,પંજાબ નેશનલ બેંક, ઘ–4 ½ , સેકટર–૧૬, ગાંધીનગર
૧૩. બ્રાંચ મેનેજરશ્રી, કોટક મહેન્દ્રા બેંક,પ્લોટ નં–૩૧૯, સેકટર–૧૬,'ઘ' રોડ ,ગાંધીનગર
૧૪. બ્રાંચ મેનેજરશ્રી, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક,પ્લોટ નં–૩૧૫, સેકટર–૧૬, ગાંધીનગર
૧૫. બ્રાંચ મેનેજરશ્રી, એક્સિસ બેંક,પ્લોટ નં –૪૩૬,દૂધ સહકારી મંડળી સેકટર–૧૬,ગાંધીનગર
૧૬. બ્રાંચ મેનેજરશ્રી, એચ.ડી.એફ.સી. બેંક,પ્લોટ નં –૪૪૮,સેકટર–૧૬, પ્રજ્ઞા પેટ્રોલ પંપ પછી,ગાંધીનગર

<u>નકલ રવાના:–</u>

૧૭. સંયુકત નિયામકશ્રી, ઈ.ડી.પી.સેલ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.

૧૮. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ.

૧૯. તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા ઘટિત થવા સારુ.